Sandesh (Citylife)

EDII

August 11, 2021
Pg.6

સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટના ડાયરેક્ટર ડો. રામનાથ પ્રસાદે કહ્યું કે,

# શાળાઓ અને કોલેજોમાં ભણાવાતા મોટાભાગના વિષયો જીવનમાં બિનઉપયોગી સાબીત થાય છે

જીએનએલયુ ખાતે ઇન્ટ્રોડક્શન ટુ સોશિયલ આંત્રપ્રિન્યોરશિપ વિષય પર એક સપ્તાહ લાંબો ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ પૂર્ણ થયો

**સિટી લાઇફ** ▸▸ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) ખાતે ઈન્ટ્રોડક્શન ટુ સોશિયલ આંત્રપ્રિન્યોરશિપ વિષય પર એક સપ્તાહ લાંબો ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો હતો જે તાજેતરમાં પૂર્ણ થયો. જેમાં સુનીલ શુક્લા, ડો. સમાપ્તિ ગુહા, ડો. રામનાથ પ્રસાદ અને જીએએનએલયુના ડાયરેક્ટર ડો. એસ. શાંથાકુમાર સમાપનમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં, સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટના ડાયરેક્ટર ડો. રામનાથ પ્રસાદે કહ્યું કે, આપણી શિક્ષણ વ્યવસ્થાની સમીક્ષાની જરૂર છે. શિક્ષણના તમામ સ્તરે ભારેખમ અભ્યાસક્રમ ભણાવાય છે. વિદ્યાર્થીઓને શાળાઓ અને કોલેજોમાં ઘણા વિષયો શીખવવામાં આવે છે પરંતુ તેમાંથી મોટાભાગના જીવનમાં ઉપયોગી બનતા નથી. મેં આઈઆઈટી સિસ્ટમમાં અભ્યાસ કર્યો છે અને આ નિવેદન મારા અનુભવથી આપું છું.

## ૮૫ ટકા સ્ટાર્ટઅપ્સ એક વર્ષમાં બંધ થઈ જાય છે



નવા સ્ટાર્ટઅપ્સની ચક્ચાર વચ્ચે એક મહત્ત્વના મુદ્દા પર ધ્યાન નથી અપાઇ રહ્યું અને તે છે સ્ટાર્ટઅપ મોર્ટાલિટી રેટ. એક અભ્યાસ મુજબ ૮૫ ટકા સ્ટાર્ટઅપ્સ એક વર્ષમાં બંધ થઇ જાય છે. તેની પાછળનું પ્રાથમિક કારણ એ છે કે ઉદ્યોગસાહસિકો ઘણીવાર તેમના વિચારોથી મોહિત થઇ જાય છે અને તેમની ધારણાઓની યોગ્ય ચકાસણી કર્યા વિના, તેમના આઇડિયા બજારમાં ટકી શકે તેમ છે કે નહી તેનું મૂલ્યાંકન કર્યા વગર તેઓ બજારમાં ઝંપલાવી દે છે. પ્રિ-ઇન્ક્યુબેશન આસિસ્ટન્સ સ્ટાર્ટઅપના મૃત્યુદરને નીચે લાવવામાં મદદ કરી શકે છે.

- ડો. સુનીલ શુક્લા, ડાયરેક્ટર, EDII

## દેશને વધુ સોશિયોપ્રેન્યોર્સની જરૂર છે

નવી પેઢીના સોશિયલ આંત્રપ્રિન્યોર્સ એટલે કે સામાજિક સાહસિકો ધંધો-વ્યવસાય કરવાની પરંપરાગત રીતમાં આમૂલ પરિવર્તન કરી રહ્યા છે. દેશને વધુ સોશિયોપ્રેન્યોર્સની જરૂર છે જેઓ પર્યાવરણીય અને સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે બિનપરંપરાગત બિઝનેસ મોડલ વિકસાવી શકે.

- ડો. એસ શાંથાકુમાર, ડાયરેક્ટર, GNLU